# <u>જાહેરનામું</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/૪૭૨/૨૦૧૬

## તા.૯ /03/૨૦૧૬

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા યાત્રાળુઓની સલામતિ જળવાઇ રહે તે માટે, માર્ગ અકસ્માતો અને જાનહાની ટાળવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

આગામી તા.૧૯/03/૨૦૧૬ થી તા.૨૪/03/૨૦૧૬ દરમ્યાન ડાકોર ખાતે ફાગળસુદ પુનમ દરમ્યાન મેળો ભરાનાર હોઇ વધુ પડતા યાત્રાળુઓ અમદાવાદ શહેરથી વિઝોલ સર્કલ થઇ નૈનપુર ચોકડી થઇ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા હોય છે. ડાકોર પગપાળા દર્શનાર્થે જતાં દર્શનાર્થીઓને વાહનોની અવર-જવરને કારણે અકસ્માતો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી સદરહું રુટ **<u>હાથીજણ સર્કલથી તમામ પ્રકારના વાહનો હીરાપુર ચોકડી તરફથી ડાકોર તરફ જતા રુટ ઉપર જઇ શકશે નહી પરંતુ રીંગરોડનો ઉપયોગ કરી નારોલ સર્કલ તેમજ એક્સપ્રેસ હાઇવે તરફ આવ-જા કરી શકશે.</u>**

**ડાયવર્ઝન: અમદાવાદ શહેર જશોદાનગર થી હાથીજણ સર્કલ હીરાપુર ચોકડીથી રાસ્કા પોટા હર્ટ ચેકપોસ્ટ નાકા તરફ આવતો તમામ વાહનવ્યવહાર અમદાવાદ જશોદાનગર થી હાથીજણ સર્કલ રીંગરોડ ડાયવર્ટ થઇ નારોલ ચોકડી અથવા એક્સપ્રેસ હાઇવે થઇ આગળ જઇ શકશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન તેમજ પદયાત્રીઓની સુખાકારી માટે જે વાહનો જાય તે વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૭/03/૨૦૧૬ ના રાત્રી કલાક 00.00 થી તા.૨૪/03/૨૦૧૬ ના કલાક ૨૪.00 સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૯ /03/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર




તા. ૯ /03/૨૦૧૫
અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.